# ૧૨.૪ શકુન શાસ્ત્ર અને સ્વરોદય વિજ્ઞાન.

## શકુન શાસ્ત્ર

(૧) શકુન બે પ્રકારના હોય છે. (૧) દૃષ્ટ શકુન અને (૨) શબ્દ શકુન જે શકુન નજરેથી – દૃષ્ટિ વડે જોઈ શકાય તે દૃષ્ટ શકુન કહેવાય. જ્યારે અદૃષ્ટપણે – માત્ર કર્ણથી જ સાંભળી શકાય તેને શબ્દ શકુન કહેવામાં આવે છે.

(૨) આજકાલ શકુનશાસ્ત્ર ઉપર લોકોની શ્રદ્ધા બહુ ઓછી થઈ ગયેલી હોય તેમ જણાય છે. પરંતુ શકુન શુભાશુભ સૂચક અવશ્ય છે. તેમાં જરા પણ સંશય નથી નશીબ સારું હોય અને કોઈપણ કાર્ય કરતાં સારૂં જ થવાનું હોય તો સારાં શકુન થાય અને કંઈ અનિષ્ટ થવાનું સરજાયેલું હોય તો ખરાબ શકુન થાય છે. કહ્યું છે કે;

*તાદૃશી જાયતે બુદ્ધિ, વ્યઁવસાયોપિ તાદ્દશઃ ।*

*સહાયાસ્તાદશાશ્ચૈવ, યાદ્દશી ભવિતવ્યતા ॥*

**ભાવાર્થ –** જે મનુષ્યની જેવી ભવિતવ્યતા હોય તેની બુદ્ધિ પણ તેવીજ હોય છે. વ્યવસાય – ઉદ્યમ અને સહાયકો પણ તેવા જ – ભતિવ્યતાને અનુરૂપ જ આવી મળે છે.

(૩) ઘરથી નીકળતી વખતે સારાં શકુન થયાં હોય અને જ્યાં જવું હોય ત્યાં પણ સારાં શકુન થયાં હોય તો સમજવું કે મનની ધારણા સફળ થશે. ઈચ્છિત સ્થાને પહોંચતી વખતે થયેલાં શકુન કરતાં ઘરથી નીકળતી વખતે થયેલાં શકુનો વધારે ફાયદાકારક કહેલાં છે.

(૪) ગાઉ કે બે ગાઉ ગયા પછી ગમે તેવાં શકુનો થાય પણ તે બધાં વ્યર્થ જ સમજવાં. ખરાં શકુનો તો એજ કહેવાય કે પોતાના ઘર અથવા ગામની નજીકમાં જ શકુન થાય તે શકુન જેટલાં પાસે નજરે પડે તેનું તેટલું ફળ થોડું વિલંબે મળે છે.

(૫) એક વખત ખરાબ શકુન જોવામાં આવે તો તે વખતે અટકી જવું પણ આગળ પગલું ભરવું નહીં. થોડીવાર પછી બીજી વખત ખરાબ શકુન થાય તો પણ થોડીવાર અટકી જવું. પણ જો ત્રીજીવાર જતી વખતે પણ અપશકુન થાય તો સમજવું કે નિશ્ચે આ સફરમાં કંઈપણ બગાડ થશે. માટે તે દિવસ અટકી જઈ બીજે દિવસે મુસાફરી કરવી.

(૬) શકુનશાસ્ત્રની એવી માન્યતા છે કે – કોઈ ૫ સજ્જન, શકુન શાસ્ત્રી અથવા નિમિત્તજ્ઞાની ના પાડે તો તે વખતે મુસાફરીએ જવું નહિ. કેમકે તેમ કરવાથી કલેશ થવાનો ભય રહે છે.

(૭) શબ્દશકુન તેને કહેવામાં આવે છે કે જે મુસાફરીએ અથવા કોઈપણ કાર્ય પ્રસંગે રવાના થતી વખતે શબ્દદ્વારા જે સાંભળવામાં આવે છે. જેમકે કોઈ માણસ ઘરેથી નિકળી મુસાફરી માટે રવાના થયો તેજ વખતે કોઈ પણ મનુષ્ય આવીને એમ કહે કે – ભાઈ! તમારી ફતેહ થશે, તમારૂં નશીબ તેજ છે. ફાયદો મેળવશો. વિગેરે

સદ્વાક્યો બોલે તો જાણવું જે પોતાને શબ્દ શકુન સારાં થયાં છે. વિપરીત પક્ષે જો એમ સાંભળવામાં આવે કે -તમારા કાર્યમાં ભૂલ થાય છે, હાલમાં ન જાઓ. જશો તો દુ:ખી થશો, વિગેરે અપવાક્યો સાંભળવામાં આવે તો સમજવું કે શબ્દશકુન સારાં થયા નથી. માટે કોઈપણ સ્થાન તરફ પ્રયાણ કરતી વખતે શબ્દશકુનનો અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ.

(૮) ધર્મશાસ્ત્રનું ફરમાન છે કે વાર કરતાં તિથિ બલવાન હોય, તિથિ કરતાં નક્ષત્ર બલવાન, નક્ષત્ર કરતા કરણ બલવાન, કરણ કરતાં લગ્ન બલવાન, લગ્ન કરતાં નિમિત્ત બલવાન, નિમિત્ત કરતા મનના ભાવ બલવાન, મનના ભાવ કરતાં પૂર્વસંચિતકર્મ બલવાન, અને પૂર્વસંચિત કર્મ કરતાં ધર્મ બલવાન હોય છે. માટે ધર્મ ઉપર અચળ શ્રદ્ધા રાખવી.

(૯) જો ક્યાંય પણ પ્રયાણ કરતી વખતે પહેલાં સારાં શકુન થાય અને પાછળથી ખરાબ શકુન થાય તો પાછળનાં જ શકુન ફળે છે. તેવી જ રીતે જો પહેલાં ખરાબ શકુન થયાં હોય અને પાછળથી સારાં શકુન થયા હોય તો પાછળના શકુન ફળે અને આગળ થયેલા રદ થઈ જાય.

(૧૦) શકુન સન્મુખ થાય તે લાભદાયક છે. જમણી તરફ થાય તે પણ સારાં ગણાય છે. પરંતુ ડાબી બાજુના થાય તે ઈષ્ટ નથી. છતાં પણ જો પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તો ડાબી બાજુના પણ લાભદાયક જાણવાં સૂર્યસ્વર ચાલતો હોય અને જમણી બાજું સારાં શકુન થાય તો ઘણું સરસ ફળ મળે છે.

(૧૧) *પદ્મિની રાજહંસાશ્ચ નિર્ગ્રંથાશ્ચ તપોધના :*
*યં દેશમનુસર્પતિ તત્ર દેશે શિવં વદેત્ ॥*

**ભાવાર્થ** - પદ્મિની સ્ત્રી, રાજહંસ, અને નિર્ગ્રંથ મુનિ જે દેશમાં જાય તે સદ્ભાગ્યની નિશાની જાણવી.

(૧૨) *પુરુષેણાથવા નાર્યા દ્રષ્ટવ્યં ન કદાચન ।*
*ચંદ્રબિંબં નિશિ શુકચતુર્થીસંભવં કિલ ॥*

**ભાવાર્થ** - પ્રત્યેક મહિનાની શુદી ચોથના દિવસનો ચંદ્રમાં પુરૂષે અથવા સ્ત્રીએ કદીપણ જોવો નહીં - દર્શન સુદ્ધાં કરવાં નહીં ; પરંતુ શુદી બીજ અથવા ત્રીજના ચંદ્રમાના દર્શન થયાં હોય તો શુદી ચતુર્થીનો ચંદ્રમાં જોવામાં વાંધો નથી.

(૧૩) *નક્ષત્રસ્ય મુહૂર્તસ્ય તિથેશ્ચ કરણાસ્ય ચ ।*
*ચતુર્ણમપિ ચૈતેષાં શકુનો દંડનાયક : ॥*

**ભાવાર્થ** - નક્ષત્ર, મુહૂર્ત, તિથી અને કરણ એ ચારે કરતાં શકુન વધારે બલવાન છે.

(૧૪) નિર્ગ્રંથ મુનિ, રાજા, હાથી, ઘોડા, મોર, બળદ, રાજહંસ, પદ્મિની સ્ત્રી, અથવા સ્ત્રી-પુરૂષનું જોડલું ઘરથી પ્રયાણ કરનાર કોઈ પણ મનુષ્યને સામે મળે તો કામ ફતેહમંદ થાય. કેટલાક લોકો મુનિજનનું શકુન શુભ નથી લેખતા; પરંતુ એ તેમની ગંભીર ભૂલ છે. કારણ કે મુનિજનો ધર્મના નાયક, પૂજ્ય અને માંગલિકરૂપ હોય છે તો તેમનું શકુન પણ માંગલિકરૂપ કેમ ન હોય? અવશ્ય હોય.

(૧૫) જિન પ્રતિમા, ફળ-ફૂલ, ઘરેણાં-આભૂષણ, ધજા-પતાકા, છત્ર, ચામર, સોનું, ચાંદી, રથ, પાલખી, વાજાં, વીણા, સતાર, સારંગી, મૃદંગ, ચંદન, આરીસો, પાણીથી ભરેલો ઘડો, રસોઈનો થાળ, દૂધ, દહીં ગોરોચન, કમળ, હથીયાર, પંખો, ઝારી, સિંહાસન, રત્ન, અંકુશ નિર્ધૂમ અગ્નિ, સફેદ સરસવ અને ધોયેલ કપડાં લઈને આવતો ધોબી, કુમારી કન્યા, તાંબૂલ મિઠાઈ, અત્તર, અને સુંદર વર્ણ ગંધ અને સ્પર્શવાળી કોઈપણ ચીજ મુસાફરીએ જતાં સામે મળે તો ફતેહ થાય અને મનની ધારણા ફળવતી થાય.

(૧૬) મુસાફરી માટે પ્રયાણ કરતી વખતે ખૂબ સ્વરૂપવાન્ સ્ત્રી અથવા પુરૂષ શ્રૃંગાર સજીને સામો મળેતો તેનું સામે મળવું પુત્રને માટે અનિષ્ટ જનક ન ગણાય.

(૧૭) મુસાફરીએ જવા માટે પ્રયાણ કરતી વખતે ગર્ભવતી, રજસ્વલા અથવા વિધવા સ્ત્રી સામે મળે તો તે ઈષ્ટ ન ગણાય. પોતાની માતા અગર વિધવા હોય તો તેનું સામે મળવું પુત્રને માટે અનિષ્ટ જનક ન ગણાય. કેમકે માતા તો હંમેશા પુત્રનું હિત કરનાર જ હોય છે.

(૧૮) પાડા ઉપર અથવા ઉંટ ઉપર ચઢેલો માણસ પ્રયાણ કરતી વખતે સામે મળે તો અનિષ્ટ થાય. અગર કોઈ ગધેડા ઉપર ચઢેલો માણસ સામો મળે તો એ વધારે અનિષ્ટકારક ગણાય નપુંસક અથવા રૂદન કરતો મનુષ્ય સામે મળે તો તે બહુજ અનિષ્ટ-ખરાબ ગણાય છે.

(૧૯) ગ્રામ અથવા શહેરમાં પ્રવેશ કરતી વખતે પોતે હસવું અથવા ગાવું એ સારું - શુભ ન ગણાય.

(૨૦) મુસાફરીએ જતી વખતે પોતાની પાછળ કોઈ પણ સ્ત્રી અથવા પુરુષ ખાલી ઘડો લઈને આવતો હોય તો એ ઘણું જ શુભ શુકન ગણાય છે.

(૨૧) મુસાફરીએ જતી વખતે સર્પ, કાકીંડો, ઢેઢગરોળી અથવા ઘો રસ્તામાં આડી ઉતરી જાય તો એ અશુભ ગણાય છે. ફણા માંડેલો સર્પ જોવામાં આવે તો એ પણ અશુભજ ગણાય છે.

(૨૨) મુસાફરીએ જતાં જમણી તરફ ભમરો ગુંજારવ કરે અથવા ફુલોનો રસ પીતો નજરે જોવામાં આવે તો એ શુભ ગણાય છે. તેમજ કુકડાનો અવાજ અથવા મોરનો અવાજ સાંભળવામાં આવે યા નજરે પડે તો એ શુભ મનાય છે. અને મનનો સંકલ્પ પૂર્ણ થાય છે.

(૨૩) લડાઈમાં જનાર યોદ્ધાઓના નિશાન અથવા રથપર બાજપક્ષી આવીને બેસે એ ઘણું જ મંગલકારક હોઈને લડાઈમાં વિજય મેળવે છે.

(૨૪) મુસાફરીમાં જનાર માણસનો પહેલો ઉપાડેલો પગ એકાએક અટકી જાય, હાથ-પગને ઠોકર લાગે, કપડું કોઈ સ્થાને ફસાઈ જાય, અથવા ધ્વજા પતાકા પડી જાય એ બહુ જ અશુભ શકુન ગણાય છે અને તેથી નિશ્ચે મુસાફરીમાં દુ:ખ વેઠવું પડે.

(૨૫) સફર કરતી વખતે લુલો, લંગડો, કાણો, અને આંધળો સામે મળે તો જરૂર સંકટ

વેઠવાનો સમય આવે. લાકડાનો ભારો લઈને કોઈ સામે મળે, બીલાડીઓ લડતી નજરે પડે, અથવા દુર્ગંધ યુક્ત કોઈ ચીજ સામે મળે તો એ શકુન કોઈપણ રીતે લાભદાયક ન નિવડે.

(૨૬) અંગારા, રાખ, હાડકાં, પથ્થર, તેલ, ગોળ, ચામડું, ચરબી, ફુટેલા વાસણ, લુણ, સુકુંઘાસ, છાશ, કપાસ, અનાજના ફોતરાં, વાળ, કાળા રંગની ચીજ, લોઢું, વૃક્ષની છાલ અર્ગલા–ભોગળ, લોઢાની સાંકળ, લુચ્ચો માણસ; અશુભ વર્ણ–ગંધ–રસ અને સ્પર્શવાળી કોઈ પણ ચીજ મુસાફરીએ જતાં સામે મળે તો તકલીફ–સંકટ ઉપસ્થિત થાય.

(૨૭) ફલ ફૂલ લઈને કોઈ પુરુષ અથવા સ્ત્રી સામે મળે તો મુસાફરીએ જનારની ફતેહ થાય અને મનની ધારણા ફળે.

(૨૮) મુસાફરીએ જતાં સારસ પક્ષીનું જોડલું કોઈપણ દિશામાં નજરે પડે અથવા એક સાથે અવાજ કરે તો મુસાફરને લાભ થાય. પણ એકલું સારસ પક્ષી નજરે પડે એ ઠીક નથી.

(૨૯) છત્રી હાથમાં ધારણ કરી પાનનાં બીડાં ચાવતો માણસ મુસાફરીએ જનાર માણસને સામો મળે તો ફતેહ થાય. રૂદન કરતો મનુષ્ય સામે મળે તો અશુભ ગણાય. પ્રયાણ કરતી વખતે મડદું સામે મળે તો ગેરલાભ થાય.

(૩૦) મુસાફરીએ જતી વખતે ડાબી તરફનો અથવા પાછળનો પવન ચાલતો હોય તો ફતેહ થાય. ઘરે આવતાં પણ એજ પવન લાભદાયક નિવડે છે. પરંતુ સામેનો અથવા જમણી તરફનો પવન સારો નથી.

(૩૧) મુસાફરીએ જતાં નોળિયો નજરે પડે અથવા તેનો શબ્દ સાંભળવામાં આવે તો લાભ થાય. તેતર અથવા જમણી તરફ શબ્દ કરે તો મુસાફર સુખી થાય.

(૩૨) મુસાફરીએ જતાં ભાત લઈને કોઈ સામે મળે તો શુભ થાય.

(૩૩) જ્યારે પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તે વખતે જમણી તરફ જે જે શુકન થાય તે પૂર્ણ ફળદાયક નીવડે તેમજ સૂર્યસ્વર ચાલતો હોય તે વખતે ડાબી બાજુ જેટલાં શુકન થાય તે પણ પૂર્ણ ફળદાયક નીવડે ખાલી સ્વર ચાલતો હોય ત્યારે શુભ શુકન પણ અલ્પ ફળદાયી અને પૂર્ણ સ્વર ચાલતો હોય ત્યારે નિર્બળ શુકન પણ સબળ બને છે.

(૩૪) મુસાફરીએ જતાં કોઈ દીવાનો–ગાંડો માણસ અથવા ભીનાં વસ્ત્ર યુક્ત કોઈ મનુષ્ય સામે મળે તો અશુભ થાય.

(૩૫) હથીયાર સજેલો કોઈ બહાદુર મનુષ્ય મુસાફરીએ જતાં સામે મળે તો ફતેહ થાય. ચોખા, ઘઉં અથવા જવારા લઈને કોઈ મનુષ્ય સામે મળે તો લાભ થાય.

(૩૬) મુસાફરીએ જતાં પોતાને ચાહનાર કોઈપણ પુરૂષ અથવા સ્ત્રી સામે મળે તો શ્રેય થાય. નવવિવાહિત વર–વધૂ સામે મળે તો ઘણોજ લાભ થાય. અથવા છોકરાને લઈને કોઈ સ્ત્રી સામે મળે તો એ પણ શ્રેયસ્કર છે.

(૩૭) મ્યાનો, પાલખી, નીલકંઠ પક્ષી, ગાય, હરણ, અથવા પોપટ મુસાફરીએ જતાં સામે મળે તો ઘણોજ લાભ થાય.

(૩૮) નિરોગી હોય કે રોગી હોય, પોતાથી કે પરથી, ઘરમાં કે બહાર, શુકનથી શુભાશુભનો નિર્ણય જાણવો. સર્પ, વીંછી, કમિયાં, ઉંદર, ગરોલી, કીડીઓ, જુવો, માંકડ, કોળીઆ, રાફડા (ઉદેહીના ઘરો) ઉદેહી, ધીમેલ, અને ભમરીઓ જયારે એકદમ વિશેષ જોવામાં આવે તો ઉદ્વેગ, કલેશ, વ્યાધિ, અથવા મરણ નિપજે. જોડા હાથી, ઘોડા, પ્રમુખ વાહન, છત્ર, શસ્ત્ર, શરીર, અને કેશ, (વાળ) એ માંહેથી કોઈને કાગડો ચાંચે કરી સ્પર્શ કરે, તો જાણવું કે મરણ નજીકમા છે. જો આંખે આંસુ પાડતી ગાય ઘણા જોરથી પગે કરી સ્પર્શ કરી પૃથ્વીને ખોદે તો તે ગાયના સ્વામીનું રોગથી મરણ થાય.

(૩૯) રોગી જયારે પોતાન આયુષ્ય સંબંધી શુકન જોતો હોય ત્યારે જો કુતરો (કુતરાની જાતિ) દક્ષિણ દિશા સન્મુખ જઈને પોતાની ગુદાને ચાટે તો રોગીનું એક દિવસે મરણ થાય જો કુતરો પોતાનુ હૃદય ચાટે તો બે દિવસે રોગીનું મરણ થાય. જયારે રોગી નિમિત્ત જોતો હોય ત્યારે જો કુતરો પોતાનું આખું શરીર સંકોચિને સૂવે અથવા કાનને ચડાવીને (અક્કડ કરીને) અને શરીરને વાળીને હલાવે (ધુણાવે) તો રોગી મરણ પામે અથવા જો મોઢું પહોળું કરી લાળને મૂકતો આંખો મીંચી શરીરને સંકોચીને તે શ્વાન સુવે તો નિશ્ચે રોગીનું મૃત્યુ થાય.

(૪૦) જો રોગી ઘર ઉપર સવાર, બપોર અને સાંજ એમ ત્રણકાળ કાગડાનો સમુદાય મળી કોળાહલ કરતો જણાય તો નિશ્ચે તેનું મરણ આવી પહોંચ્યું છે એમ જાણવું, તથા રોગીના રસોડા ઉપર અને સુવાના ઘર ઉપર કાગડાઓ ચામડું, હાડકું, દોરડું, કે વાળ લાવીને ફેંકે તો તેનું મરણ નજીક જ છે એમ સમજવું.

## સ્વરોદય વિજ્ઞાન

અતિ પ્રાચીન કાળથી સ્વરોદયની સાધનાની પરંપરા ભારતવર્ષમાં ચાલી આવે છે.

શિવ સ્વરોદયમાં સ્વરજ્ઞાનનું માહાત્મ્ય દર્શાવતાં જણાવ્યું છે કે –

*સ્વરજ્ઞાનાત્પરં ગુહ્યં સ્વરજ્ઞાનાત્પરં ધનમ્ ।*
*સ્વરજ્ઞાનાત્પરં જ્ઞાનં ન વા દૃષ્ટં ન વા શ્રુતમ્ ॥*

અર્થાત્ સ્વરના જ્ઞાન કરતાં વધુ ગૂઢ કે શ્રેષ્ઠ ધન કે પરમ જ્ઞાન જોવા કે સાંભળવામાં મળ્યું નથી.

### સ્વર એટલે શું?

‘સ્વર’ એટલે  પ્રાણ શક્તિ અને તેનો ‘ઉદય’ એટલે ઉદ્ભવ. પ્રાણશક્તિ સાથે આ જ્ઞાનનું અનુસંધાન છે. ‘સ્વરોદય’ શબ્દ મુજબ શ્વાસનું જયારે કંઠમાંથી નિઃસરણ થતું હોય ત્યારે કંઠમાં રહેલા સ્વર તંત્રમાં ચિત્તના આશય મુજબ જે પ્રકંપનો ઉત્પન્ન થાય છે અને તે ભાષાસૂચક અથવા સંગીત સૂચક અકારાદિ કે સા,રે,ગ,મ, વગેરેમાં ઉચ્ચાર પામે તે ‘સ્વર’ કહેવાય છે. ઉચ્ચારનું કારણ અંતઃસ્થ પ્રાણશક્તિ છે. મન, શરીર અને વાણીની

સર્વ ક્રિયાઓની પ્રેરક શક્તિને 'પ્રાણ'ની સંજ્ઞા આપવામાં આવે છે. આ સૂક્ષ્મ શક્તિ ધ્વન્યાત્મક, વર્ણાત્મક અને સ્પંદનાત્મક છે. ધ્વનિ, વર્ણ અને સ્પંદનોમાં તે અભિવ્યક્તિ પામે છે. આ સૂક્ષ્મ શક્તિ પ્રકૃતિમાં સર્વત્ર છે. સર્વ પદાર્થોમાં વ્યાપ્ત છે. મન અને શરીરની સર્વ ચેષ્ટાઓનું તે કારણ હોવાથી આ ક્રિયાઓમાં તેનો સતત પૂર્તિ થવી જરુરી છે. શ્વાસ દ્વારા પ્રાણી શક્તિને ગ્રહણ કરી તેનો સંચય નાભિ સ્થાનમાં કરે છે.

પ્રાણતત્ત્વનું શ્વાસમાં સ્વરણ થતું હોવાથી શ્વાસરૂપી ક્રિયામાં જે પ્રકાશ પામે છે તે 'સ્વર' છે.

'સ્વર' એટલે જે સ્વરે અર્થાત્ અનુસરણ કરે તે જે સ્વયં પ્રકાશિત થાય છે તે 'સ્વર' કહેવાય છે. આવો ગુણ ધરાવતા ધ્વનિવિશેષો 'સ્વર' કહેવાય છે.

સ્વરનો ઉદય નિરંતર જેમાં ભાસ્યમાન (જણાતો) થાય છે તેવા આપણાં શ્વાસનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી જોઈએ તો કોઈવાર જમણી નાસિકામાંથી તો કોઈવાર ડાભીનાસિકામાંથી ક્યારેક લાંબો, ક્યારેક ટૂંકો, ક્યારે ઉર્ધ્વ, ક્યારેક અધો અને વળી ક્યારેક સન્મુખ તો ક્યારેક તીર્છો વહેતો અનુભવાય છે. બન્ને નાસિકામાંથી એક સાથે શ્વાસનો મંદ સંચાર થતો પણ ક્યારેક જોવા મળે છે.

શ્વાસનું વહન જે નસકોરામાંથી થાય તે બાજુમાં આવેલી શરીરની નાડીમાં પણ તેના પ્રેરક પ્રાણનો વિશેષ સંચાર થાય છે. એટલે આ નાડીઓમાં પ્રકૃતિને લક્ષમાં રાખી જમણી બાજુની નાસિકાના શ્વાસ વહનને 'સૂર્યનાડી' અને ડાબી બાજુની નાસિકાના શ્વાસવહનને 'ચંદ્રનાડી' કહેવામાં આવે છે.

'સૂર્યનાડી' તથા 'ચન્દ્રનાડી'તરીકે ઓળખાતી આ નાડીઓને કરોડરજ્જુની બન્ને બાજુ આવેલી 'Sympathetic - સિન્પેથેટિક' અને Para Sympathetic Cords - પેરા સિમ્પેથેટિક કોર્ડ્ઝ ક્રમશઃ માનવામાં આવે છે.

## પ્રાણાયામ દ્વારા ફળની પ્રાપ્તિની ગણતરી

(૧) ડાબી બાજુના નસકોરાને ચંદ્ર યા ઈડાનાડી કહે છે. અને જમણી બાજુના નસકોરાને પિંગલા યા સૂર્યનાડી કહે છે. ડાબી નાડીમાં પુરંદર અને વરૂણ વાયુ પ્રવેશ કરતા હોય અને અવસરે પ્રશ્ન યા કાર્યનો પ્રારંભ કરનારને તે કાર્યની સિદ્ધિ થાય છે અને તે વાયુ સૂર્ય નાડીમાંથી નિકળતો કે પ્રવેશ કરતો હોય ત્યારે પ્રશ્ન કરનારને યા કાર્ય પ્રારંભ કરનારને મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે.

(૨) જમણી નાસિકામાંથી નીકળતા પવન અને દહન વાયુ દરેક કાર્યના વિનાશને માટે થાય છે અને ડાબી નાસિકામાંથી નીકળતા કે પ્રવેશ કરતા તે વાયુ મધ્યમ ફળ આપે છે.

(૩) ડાબી બાજુએ રહેલી નાડીને ઈડાનાડી કહે છે ને તેમાં ચંદ્રનું સ્થાન છે. જમણી બાજુએ રહેલી નાડીને પિંગલા કહે છે ને તેમાં સૂર્યનું સ્થાન છે. બેઉની મધ્યમાં રહેલી નાડીને સુષુમ્ણા કહે છે ને તેમાં શિવ સ્થાન છે. (મોક્ષ સ્થાન છે.)

(૪) શરીરના સર્વ ભાગમાં નિરંતર જાણે અમૃત વરસાવતી હોય તેમ અભીષ્ટ

(મનોઈચ્છિત) કાર્યને સૂચવવાવાળી ડાબી નાડીને અમૃતમય માનેલી છે. તેમજ વહન થતી જમણી નાડી અનિષ્ટ સૂચન કરવાવાળી અને કાર્યનો નાશ કરવાવાળી છે તથા સુષુમ્ણા નાડી અણિમાદિ આઠ મહા સિદ્ધિઓ તથા મોક્ષફળના કારણરૂપ છે.

**વિવેચન –** સુષુમ્ણા નાડીમાં મોક્ષનું સ્થાન છે; આઠ સિદ્ધિઓ અને મોક્ષનું કારણ છે, આ કહેવાનો આશય એવો છે કે સુષુમ્ણા નાડીમાં ધ્યાન કરવાથી ઘણા થોડા વખતમાં એકાગ્રતા થવા પૂર્વક લાંબા વખતમાં વધારે કર્મોનો ક્ષય કે નિર્જરા મેળવી શકાય છે. આ કારણથી તેમાં મોક્ષનું સ્થાન કહેલું છે. તેમજ સુષુમ્ણા નાડીમાં પવનની ઘણી મંદગતિ હોય છે. તેથી મન પણ ઘણી સહેલાઈથી સાધી શકાય છે. ધારણા, ધ્યાન અને સમાધિ એકજ સ્થળે કરવામાં આવે તેને સંયમ કહે છે. આ સંયમ સિદ્ધિઓનું કારણ છે. માટે જ સુષુમ્ણા નાડી મોક્ષનું કે સિદ્ધિઓનું કારણ છે એમ કહેવામાં આવ્યું છે.

(૫) અભ્યુદય આદિ ઈષ્ટ અને પ્રશસ્ત કાર્યોમાં ડાબી નાડી સારી માનેલી છે. અને વિષય સેવન, આહાર (ભોજન કરવું) તથા યુદ્ધાદિ દીપ્ર કાર્યોમાં જમણી નાડી ઉત્તમ માનેલી છે.

**વિવેચન –** યાત્રા, દાન, વિવાહ, નવીન વસ્ત્રાભરણ પહેરવાં, ગ્રામ, નગર, ગૃહપ્રવેશ, સ્વજન મેળાપ, શાંતિક, પૌષ્ટિક, યોગાભ્યાસ, રાજદર્શન, ઝેરાદિ ચિકિત્સા, નવીન મિત્રાઈ કરવી, બીજ વગેરેનું વપન આદિ કાર્યના પ્રારંભકાળે ડાબી નાડી સારી જાણવી.

ભોજન, વિગ્રહ, મૈથુન, યુદ્ધ, મંત્રસાધન, દીક્ષા ગ્રહણ, સેવાકર્મ, વાણિજયકર્મ, ઓષધ કરવું, ભૂતપ્રેતાદિ સાધન, બીજાપણ તેવા રૌદ્ર કાર્યમાં સૂર્ય નાડી પ્રશસ્ત જાણવી.

(૬) અજવાળા પક્ષમાં સૂર્યોદય વેળાએ ડાબી નાડીનો ઉદય હોય તો તે શ્રેષ્ઠ અને અંધારા પખવાડીયામાં સૂર્યોદય વેળાએ જમણી નાડીનો ઉદય શ્રેષ્ઠ છે. આ ચંદ્ર સૂર્ય નાડીનો ઉદય ત્રણ ત્રણ દિવસ સારો હોય છે.

(૭) વાયુનો ઉદય સૂર્ય ઉદય વેળાએ ચંદ્ર સ્વરમાં થયો હોય તો તે દિવસે સૂર્ય સ્વરમાં અસ્ત થાય તો તે સુખકારી છે, અને સૂર્ય સ્વરમાં જો ઉદય થયો હોય તો ચંદ્રસ્વરમાં અસ્ત થવો તે કલ્યાણકારી છે.

(૮) અજવાળા પક્ષના પડવાને દિવસે સૂર્યોદયના પ્રારંભ વખતે યત્નપૂર્વક પ્રશસ્ત યા અપ્રશસ્ત વાયુના સંચારને જોવો. પ્રથમ ચંદ્ર નાડીમાં પવન વહેવો શરૂ થશે. તે ૧–૨–૩ ત્રણ દિવસ પર્યંત સૂર્યોદય વખતે વહન થશે. પછીના ત્રણ દિવસ ૪–૫–૬ સૂર્યોદય વખતે સૂર્યનાડીમાં વહન થશે. ફરી ત્યાર પછીના ત્રણ દિવસ ૭–૮–૯ ચંદ્રનાડીમાં વહન થશે. એવી રીતે પૂર્ણિમાં પર્યંત આજ ક્રમે વાયુ વહેવો જારી રહેશે. એટલે ૧૦–૧૧–૧૨ સૂર્યમાં ૧૩–૧૪–૧૫ ચંદ્રમાં

(૯) અંધારા પક્ષમાં સૂર્ય નાડીમાં ૧-૨-૩ ત્રણ દિવસની પછીના ત્રણ દિવસ ૪-૫-૬ ચંદ્રમાં તેવી રીતે અમાવાસ્યા પર્યંત વહન થશે.

(૧૦) આ વાયુનું વહન આખા દિવસ માટે નથી, પણ સૂર્યોદયના વખત માટે છે. પછી તો અઢી અઢી ઘડીએ ચંદ્રમાં, સૂર્યમાં વગેરે નાડીઓમાં બદલાયા કરે છે. આ નિયમમાં ફેરફાર થાય તો તેનું પરિણામ અશુભ યા દુ:ખદ આવે છે.

આથી ફલિત થાય છે કે નાડીમાં જોવામાં આવતા ઉચ્છ્વાસના પરિવર્તનના મૂળમાં મતિ પ્રાણશક્તિમાં થતા ફેરફારો કારણભૂત છે.

એમ નાડીમાંથી વહેતા શ્વાસને પલટાવીને અન્ય નાડીમાંથી તેનું વહન શરૂ કરવું હોય તો સ્વરોદય શાસ્ત્ર કેટલાક ઉપાયો દર્શાવે છે. તેમાં એક ઉપાય, લાકડીથી બગલમાં દબાણ દર્શાવે છે. જે બાજુની બગલમાં આવુ દબાણ ઉભું કરવામાં આવે તેની વિપરીત બાજુની નાડીમાંથી શ્વાસોચ્છ્વાસ ચાલન થોડી મિનિટોમાં શરૂ થાય છે. બગલમાં જ્ઞાનતંતુઓના ઉત્તેજન ગ્રાહકો Receptors આવેલા છે.આ Receptors દ્વારા શક્તિનો સંચાર Nervous system જ્ઞાનતંતુઓના સંસ્થાન દ્વારા, મસ્તિષ્કના નિયામક કેન્દ્રો સુધી પહોંચે છે. આ કેન્દ્રોના નાસિકાના છિદ્રો સાથે જ્ઞાનતંતુઓના માર્ગદ્વારા સંબંધ છે. તેથી જે આંતરિક ક્રિયાઓના કારણે તેના ઉપર બગલના દબાણથી શ્વાસવહનમાં ફેરફાર થાય છે.

‘ફિઝયોલોજી’માં જે જ્ઞાન સંપાદિત થયેલું છે. તેના આધારે, કેટલીક ખૂટતી કડીઓ પૂરી પાડીને પ્રાણશક્તિના પ્રભાવથી આ ક્રિયાઓ કેવી રીતે ક્રમશ: થઈ શકે તેની વિશેષ માહિતી આ સંશોધન પૂરી પાડે છે. મસ્તિષ્ક તથા દેહના અન્ય અવયવો સાથે જ્ઞાનતંતુઓના સંસ્થાન દ્વારા સંબંધ, આ અવયવોમાં થતી ક્રિયાઓ તથા ક્રિયાઓનો દેહના અગણિત કોષોમાં થતી રાસાયણિક ક્રિયાઓ સાથે સંબંધ તે સર્વેના કારણે લોહીના બંધારણ, હૃદયના ધબકારા અને શ્વાસોચ્છ્વાસનાં પ્રમાણ પ્રકાર તથા સંખ્યા ઉપર પડતી અસર વગેરે.

સ્વરોદય જ્ઞાનનો મૂળ હેતુ પારમાર્થિક છે. સ્વરોદય શાસ્ત્રમાં વ્યાવહારિક લાભો પણ પરમાર્થ સિદ્ધિ કરવા માટેની અનુકૂળતાઓ સર્જવામાટે વર્ણવવામાં આવ્યા છે.

સ્વરોદયને પ્રાણાયામ ધ્યાનની પ્રથમ ભૂમિકા તરીકે તથા દેહ અને જીવનું ભેદજ્ઞાન કરવા માટે પિંડસ્થ ધ્યાન એક પ્રકાર તરીકે વર્ણવ્યો છે.

સ્વરોદયમાં પ્રાણાયામ ધ્યાનનાં સાત સ્વરૂપો - ભેદો, સાધનાના સાત તબક્કા બતાવવામાં આવ્યા છે. સાધકમાં જ્ઞાનસમાધિ તરફ દોરી જતી આંતરિક યોગ્યતાનો વિકાસ ક્રમ આના દ્વારા જાણી શકાય. રેચક, પૂરક અને કુંભકથી કોઈપણ પ્રકારના પ્રાણાયામનું સ્વરૂપ નિશ્ચિત થાય છે.

પ્રાણાયામની સર્વક્રિયાઓનું પ્રયોજન મુખ્યત્વે દેહની આંતરિક શુદ્ધિ કરી સ્વાસ્થ્ય મેળવવાનું તથા ચિત્તની ધારણા શક્તિનો વિકાસ કરવાનું છે. આંતરિક શુદ્ધિ કરવાથી ચિત્તશુદ્ધિ સધાય છે. તથા ચિત્ત શુદ્ધિના પ્રભાવથી દેહની વિશેષ શુદ્ધિ થાય છે.

ચતુર્થ ભેદ છે. શાંતિક પ્રાણાયામ ધ્યાન- જેમાં ગળું, નાસા તથા મુખના દ્વારા વડે

વાયુનો નિરોધ કરવાનો છે. ચિત્તની ચંચળતાનો જ્યાં સવિશેષ પ્રભાવ પડે તે પ્રાણના સ્થાનોમાં ધારણા કરીને મનને સરળતાથી ઉપશાંત બનાવવાનો આશય હોવાથી, આ શાંતિક પ્રાણાયામ ધ્યાન કહેવાય છે. તેનું ફળ દેહની કાંતિની બુદ્ધિ તથા રોગ નિવારણ છે.

સ્વરોદયના મૂળમાં સ્વરૂપમાં થતાં તત્ત્વસ્ફુરણ સાથે ચિત્તમાં અનુરૂપ ભાવનો ઉદય થાય છે. તે સિદ્ધાંત રહેલો છે. આ પ્રકારની પ્રક્રિયા પ્રત્યેક વ્યક્તિના ચિત્તમાં હરહંમેશ થતી હોય છે. સ્વરોદયની સિદ્ધિ જેને પ્રાપ્ત થઈ છે. તેવા પુરુષો સ્વ તથા પરના ઉપકાર માટે સત્કાર્યો કરે છે. પ્રકૃતિની વ્યવસ્થા સાથે પોતાની આંતરિક શક્તિઓને સાનુકૂળ બનાવીને તથા ધારાપ્રવાહને સમત્વમાં પ્રયોજીને, મન, વચન અને કાયાની શક્તિઓનું સંકલન કરીને કાર્ય કરતા હોવથી, તેઓને આશ્ચર્યજનક સફળતા પ્રાપ્ત થાય છે. આવા મનુષ્યો ઈચ્છાનુસાર સ્વરનો સુમેળ ઉભો કરી શકે છે. સુયોગમાં જ તેઓ કાર્ય કરે છે.

આ વિદ્યાનો સર્વકાર્યસાધક માનવમાં આવી છે. તેના જ્ઞાનથી કર્મો કરવામાં પ્રાપ્ત થતી કુશળતાને આત્મિક વિકાસમાં નિશ્ચિત સ્થાન પ્રદાન કરાવામાં આવ્યું છે.